ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# પ્રથમ વંદે ભારત ટ્રેન ગાંધીનગર - મુંબઈ વચ્ચે દોડશે

## ૩૦મી સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રથમ વંદે ભારત ટ્રેનને ગાંધીનગરથી લીલી ઝંડી આપી રવાના કરશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર રેલવે સ્ટેશનના આધુનિકરણ બાદ નવી-નવી ટ્રેનોથી ગાંધીનગર રેલવે સ્ટેશન ધમધમી રહ્યું છે. આગામી પખવાડિયામાં વધુ એક ટ્રેન ગાંધીનગર - મુંબઈ વચ્ચે દોડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વંદે ભારત ટ્રેન પ્રધાનમંત્રીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. તેમની સુચના અને માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ સમગ્ર કોચ અને ટ્રેનનું નિર્માણ કરાયું છે. દેશમાં પ્રથમ ટ્રેન ગાંધીનગરથી આરંભાશે. રેલવે મંત્રી અશ્વિનીકુમારે ગુજરાતની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, દર મહિને ૨ થી ૩ વંદે ભારત ટ્રેન દેશના વિવિધ ખૂણેથી આરંભાશે. અને સમગ્ર દેશમાં ઝડપી અને સલામતી રેલ વ્યવહાર માટે વંદે ભારત ટ્રેન નોંધનીય બની રહેશે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, પહેલા આ ટ્રેન અમદાવાદ થી મુંબઈ દોડાવવાનું આયોજન હતું પરંતુ પ્રધાનમંત્રીના સુચનથી આ ટ્રેન હવે ગાંધીનગરથી શરૂ કરાઈ રહી છે. ગાંધીનગરથી મુંબઈ વચ્ચેનું અંતર પાંચ કલાકમાં કપાશે. આ અદ્યતન સુવિધા સાથેની આ ટ્રેન રેલવે મુસાફરીના સમસ્યાના તમામ મુદ્દાઓને ટાળી દેશે અને બીજી તરફ આ ટ્રેન એક આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગરના ઉદ્યોગપતિઓને મુંબઈનો આ રેલ વ્યવહાર ખૂબ જ ઉપયોગી સાહિત થશે. આ ટ્રેનનો શુભારંભ સમારંભ ૩૦મીએ ગાંધીનગર રેલવે સ્ટેશન ખાતે યોજાશે.

# મનપાની સામાન્ય સભા પૂર્વે કોંગ્રેસનું હલ્લાબોલ

## મેયરની કચેરીનું બોર્ડ તોડ્યુ : સભાખંડમાં પ્રવેશદ્વાર આગળની જાળી તોડી : કાઉન્સીલરોની સત્તા છીનવાઈ : ટ્રી ગાર્ડ હજુ મળ્યા નથી; ડહોળા પાણીની સમસ્યા તેમજ ભુવાનગરી બનાવતી ભાજપની નિષ્ફળતા સામે લોકોના રોષને વાચા આપી છે : બારોટ-વાઘેલા



### મનપામાં તોડફોડના બનાવ અંગે કાયદેસરના પગલાં લેવાશે : મેયર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મનપાની કચેરીમાં આજે કરાયેલ તોડફોડ અંગે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ મેયર હિતેષ મકવાણાએ આજે સામાન્યસભા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે કોંગ્રેસ પક્ષ પાસે કોઈ મુદ્દા નથી અને રજુઆત કરવા માટેની તક મળતી નથી એટલે આવો આક્રોશપૂર્ણ વ્યવહાર કરી રહી છે. તેમણે જણાવ્યુ હતુ કે આજની આ પ્રવૃત્તિ કોઈપણ રીતે સાંખી શકાય તેમ છે નહિ.

મકવાણાએ જણાવ્યુ કે કાઉન્સીલરો સામે પણ શુ શુ પગલાં લઈ શકાય છે અને તે માટે નિયમોમાં શું જોગવાઈ છે તેનો અભ્યાસ કરી દોષિત કાઉન્સીલરો સામે દંડનીય અને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે જણાવ્યુ હતુ કે આજનો બનાવ એ દુઃખદ અને નિંદનીય છે. લોકશાહી માટે પણ કલંકરૂપ છે. આ મુદ્દે પોલીસમાં ફરિયાદ કાયદેસરની આપવામાં આવશે.




ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મનપાની આજે સામાન્ય સભા મળે તે પૂર્વે જ નગરના પ્રશ્નોને વાચા આપવા કોંગ્રેસે આક્રમક રણનીતિ તહત સૂત્રોચ્ચાર સાથે ભારે હોબાળો મચાવી અને તોડફોડ કરી મેયરની કચેરીને તાળાબંધી કરવામાં આવી હતી.

મનપાની સામાન્ય સભા શરૂ થવાની ગણતરીની મિનિટો પૂર્વે જ કોંગ્રેસના કાર્યકરોએ હલ્લાબોલ કરતાં ભાજપના રણનીતિકારો ક્ષોભીલા પડી ગયા હતા. કોંગ્રેસ કાર્યકરો એટલા બધા આક્રમક હતા કે તેઓને રોકવા માટે સામાન્ય સભાના સભાખંડ આગળની જાળી બંધ કરવામાં આવી હતી તે તોડી નાખી અને ભોંય ભેગી કરી હતી.

આજ માળે બેસતા મેયરનું કાર્યાલય એવુ બોર્ડ જે હતુ તે પણ તોડી અને પગ નીચે કચડી નાખ્યુ હતુ. કોંગી કાઉન્સીલરોએ નગરના ડહોળા પાણીની સમસ્યાને વાચા આપવા આ બોર્ડ પર માટલા ફોડ્યા હતા.

કોંગીના બન્ને કાઉન્સીલર અંકિત બારોટ અને ગજેન્દ્રસિંહ વાઘેલાએ ગાંધીનગર ખાડાનગરના પ્લે કાર્ડ પણ બતાવ્યા હતા. મેયર પીવે શુદ્ધ સરકારી પાણી અને પ્રજા પીવે ડહોળુ પાણી જેવા પ્લે કાર્ડ પણ કાર્યકરોએ બતાવ્યા હતા.

ગાંધીનગર શહેરમાં મોન્સુન એક્શન પ્લાનની માંગ છતાં તંત્રએ આ બાબતે જે કાળજી લેવી જોઈએ તે ન લીધી હોવાનો આક્ષેપ કરી કોંગ્રેસે પાટનગરને ભુવાનગરમાં ભાજપે પરિવર્તિત કર્યુ છે. આ ભુવાઓ અંગે મનપા અન્ય તંત્રોને દોષ આપવામાં વ્યસ્ત બન્યુ છે પણ તેની દુરસ્તી માટે જે કામગીરી અસરકારક રીતે થવી જોઈએ તે કરતુ નથી. ભાજપનો અણધડ વહીવટ છતો થયો છે. બહુમતિના જોરે માત્ર ને માત્ર ભ્રષ્ટ્રાચારમાં જ ભાજપ રચ્યોપચ્યો છે.

કોંગી કાઉન્સીલર અંકિત બારોટ અને ગજેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યુ છે કે આજે શહેરમાં કોરોના, સ્વાઈન ફલુના કહેર વચ્ચે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે વાહકજન્ય રોગચાળામાં લોકો પીડાઈ રહ્યા છે. શહેરમાં પીવાનું ચોખ્ખુ પાણી પણ તંત્ર પુરૂ પાડી શકતુ નથી. શહેરમાં ''મીલીયન ટ્રી'ની વાતો કરી પણ હજુ ટ્રી ગાર્ડ પણ મળ્યા નથી.

શહેરના જે પછાત અને નોટીફાઈડ વિલેજની ગ્રાન્ટ પણ કાઉન્સીલરોને ફાળવવાને બદલે મેયર, ડે. મેયર અને ચેરમેન તે સત્તા તેમની પાસે રાખી કાઉન્સીલરોની સત્તા છીનવી છે.

### મેયર કચેરીના મજલો જ સીસીટીવી કેમેરા વિહોણો

**કોંગી કાઉન્સીલરો અને ડે. મેયર વચ્ચે પણ તીખી નોંકઝોંક : કોર્ડન કરી ઈન્ચાર્જ કમિશનર મેયર અને ડે. મેયરને લવાયા : મેયરે વિડીયો ફૂટેજ આપવા કાઉન્સીલરોને વિનંતી કરી**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મનપાની કચેરીના ચોથા માળે જ સીસીટીવી કેમેરા ન હોવાથી મનપાનું તંત્ર આજે ક્ષોભીલુ બન્યુ છે એટલુ જ નહિ વહીવટમાં કેવુ અંધેર ચાલે છે તે સામે આવ્યુ છે.

આજે મનપાની સામાન્ય સભા મળવાની હતી. દર વખતની જેમ કોંગ્રેસની દરખાસ્તનો અસ્વીકાર કરવાની પરંપરા ભાજપે જાળવી રાખી હતી.

કોંગ્રેસ આક્રમક બનશે તેવા સંકેતો વચ્ચે પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો પરંતુ પોલીસ સાથેના ઘર્ષણ દરમ્યાન જાળી તુટવાની અને બોર્ડ તુટી જવાની ઘટના બની હતી. પોલીસ અધિકારીઓએ વધુ ફોર્સ બોલાવ્યો હતો પરંતુ ત્યાં સુધીમાં તો કોંગ્રેસના કાર્યકરો સભાખંડ સુધી પહોંચી ગયા હતા અને મેયરની કચેરીને તાળાબંધી કરી દીધી હતી.

સામાન્ય સભા પછી મેયર હિતેષ મકવાણાએ તેમના સાથી કાઉન્સીલરો પાસે વિડીયો ફૂટેજ માગ્યા હતા. જો કે આખા માળ પર મેયર, ડે. મેયર, સ્થાયી સમિતિના ચેરમેન, પક્ષના નેતા સહિતની કચેરીઓ છે પણ ત્યાં સીસીટીવી કેમેરા જ નથી.

ઘટના વખતે કાઉન્સીલરો સભાખંડમાં પહોંચી ચુક્યા હતા અને કોઈ બહાર નીકળ્યા ન હતા. જો કે મેયર આજે ક્ષોભીલા પડી ગયા હતા અને તેમની કચેરીની બહાર કે આખા મજલા પર સીસીટીવી કેમેરા ન હોવાથી તેમને અન્યોની મદદ માંગવાનો વારો આવ્યો હતો.

સભાખંડમાં પહોંચેલા કોંગી કાઉન્સીલરો અને ડે. મેયર પ્રેમલસિંહ વચ્ચે પણ તીખી આપ-લે થઈ

### ૨૪ કલાક પાણીની યોજનાના અમલ સાથે

# શહેરમાં ઘરદીઠ પ્રતિવર્ષ રૂપિયા ૧૨૦૦નુ આર્થિક ભારણ વધશે

**પાણીના વપરાશની આદર્શ માત્રા મુજબ પણ ૧૪૪ લીટરની ગણતરીથી આયોજન મીટર પ્રથાના અંતે દર હજાર લીટરે વધુ રૂ ૧૦ થશે**

ગાંધીનગર તા ૧૩

શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી તેમજ ગટરની નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આ અન્વયે સેકટરોમાં ખોદકામ પણ કરવામાં આવી રહ્યુ છે. આ પ્રોજેકટ પુર્ણ થયા હાલ પાણી ગટર વેરો ચુકવવામાં નિરસતા દાખવતા જોડાણકર્તાઓને પણ પાણીના વપરાશ બદલ મીટર પ્રથાને અનુલક્ષી ચુકવણુ કરવુ પડશે પ્લોટના ક્ષેત્રફળ મુજબ ઓછામાં ઓછો વેરો રૂ ૧૪૪ વસુલવામાં આવે છે. જયારે આગામી દિવસોમાં પ્રતિવર્ષ અંદાજિત રૂ ૧૨૦૦ ચુકવવાના થશે.

સ્માર્ટ સીટી અન્વયે મીટર પધ્ધિતથી પાણી આપવા માટે હાલ સેકટરોમાં ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે હાલ સેકટરોમાં ખોદકામ પણ કરવામાં આવી રહ્યો છે. જો કે હાલ સ્પલાય થતા પાણી પુરવઠા અન્વયે નજીવો વેરો વસુલવામાં આવે છે. જો ક પાણી ગટર વેરાની આ વસુલાતના અન્વયે દરવર્ષે માંડ ૪૫ ટકા જેટલી જ કામગીરી થઈ શકે છે. અલબત્ત જોડાણકર્તાઓ વેરો ચુકવવામાં ઉદાસીનતા દાખવી રહ્યા છે. જેમાં હાલ પ્લોટના ક્ષેત્રફળ મુજબ ઓછામાં ઓછો વેરો માત્ર ૧૪૪ છે. જયારે આગામી દિવસોમાં ૨૪ કલાક વેરો અમલી થતા લઘુત્તમ દર ૧૨૦૦ ચુકવવો પડશે. જો કે હજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના પુર્ણ થતા બે વર્ષ જેટલો સમય લાગશે. જયારે આ યોજનાનુ કામ પુર્ણ થયા બાદ અમલી બનતા શહેરમાં પ્રત્યેક ઘર દીઠ ૧૨૦૦ રૂપિયાનુ આર્થિક ભારણ વધી જશે. પાણીની આ યોજના અન્વયે ૧૬ મીટરની ઉંચાઈ અલબત્ત ત્રીજા માળ સુધી રહીશોને પુરતા દબાણથી પાણી મળશે. શહેરમાં હાલની સ્થિતિએ સમગ્ર દેશમાં માથાદીઠ પાણીનો વપરાશ વધુ થતો હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. જયારે સેકટરોમાં દરેક ઘરોમાં પાણીની મોટર મુકીને ધાબાની ટાંકી ભરવામાં આવી રહી છે. શહેરમાં માથાદીઠ ૨૫૦ લીટર પાણી સપ્લાય થાય છે. જયારે મીટર પ્રથાના અંતે દર મહીને ૨૦ હજાર લીટર સુધી રૂ ૧૨૦૦ વસુલવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ચાલતા આંદોલન દરમિયાન નિવૃત આર્મીમેનનું મોત





ગાંધીનગર, તા.૧૩

રાજયના નિવૃત લશ્કરી જવાનોની પડતર માંગણીઓનો ઉકેલ નહી આવતા ચિલોડા આર્મી કેમ્પ ખાતે માજી સૈનિકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. ત્યારે બપોરના સમયે અચાનક એક માજી સૈનિકની તબિયત લથડતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયા સારવાર દરમિયાન ૭૨ વર્ષિય કાનજીભાઈ મોથલીયાનું અવસાન થયુ હતું. જેથી માજી સૈનિકોનું આંદોલન વધુ ઉગ્ર બની ગયું હતું. જયારે આર્મી કેમ્પથી ચાલી નિવૃત લશ્કરી જવાનો સિવિલ ખાતે ઉમટી પડ્યા હતા. મોડીસાંજે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓ ગોપાલ ઈટાલિયા, ઈસુદાન ગઢવી સહિતના અગ્રણી સીવીલ હોસ્પિટલ પહોંચ્યા હતા.

ગુજરાત વિધાનસભાની ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે. ત્યારે સરકાર સામે વિવિધ સંગઠનો મોરચો માંડીને બેઠા છે. ત્યારે આજે ચિલોડા આર્મી કેમ્પ ખાતે રાજયભરમાંથી મોટીસંખ્યામાં માજી સૈનિકો ઉમટી પડ્યા હતા. પોતાની ૧૪ પડતર માંગણીઓ મુદ્દે આંદોલન ચલાવી રહેલા માજી સૈનિકો વિધાનસભા તરફ કુચ કરવાના મુડમાં હતા. જેથી વિધાનસભામાં લોખંડી પહેરો ગોઠવી દેવામાં આવ્યો હતો.જયારે શહેરના પ્રવેશદ્વારો પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવી હતી. ત્યારે મળતી માહિતી મુજબ આર્મી કેમ્પ ખાતે માજી સૈનિકો રેલી કાઢે તે પહેલા જ તેમને અટકાવી અટકાયત કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જયારે માજી સૈનિકોના દેખાવો અને હલ્લાબોલ દરમિયાન એક માજી સૈનિકનું સારવાર દરમિયાન મૃત્યુ થતા માજી સૈનિકોના બેડામાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. માજી સૈનિકના મૃત્યુને પગલે કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પણ સિવિલ ખાતે દોડી આવ્યા હતા. મૃતકનુ પીએમ પેનલ ડોકટર અને વિડીયોગ્રાફી સાથે કરવામાં આવ્યું હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

### મૃતકનું પેનલ ડોકટર અને વિડીયોગ્રાફી સાથે પીએમ કરાયું

૧૪ મુદ્દાની લડતને પગલે આર્મી કેમ્પ ખાતે એકઠા થયેલા માજી સૈનિકોમાં દેખાવો દરમિયાન ઈજાગ્રસ્ત કાનજીભાઈ શામજીભાઈ મોથલીયાનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. જેથી માજી સૈનિકોના બેડામાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.ત્યારે માજી સૈનિકો પણ મોટીસંખ્યામાં સિવિલ ખાતે ઉમટી પડ્યા હતા.ત્યારે મૃતક કાનજીભાઈ મોથલીયાનું પેનલ ડોકટર અને વિડીયોગ્રાફી સાથે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જયારે પીએમ રીપોર્ટ બાદ જ મૃત્યુનું સાચુ કારણ જાણી શકાશે.

### માજી સૈનિક કાનજીભાઈ વાવોલ ખાતે રહેતા હતા

સાબરકાંઠાના વિજયનગર તાલુકાના મહોતપુરા ગામના માજી સૈનિક અંદાજીત ૭૨ વર્ષિય કાનજીભાઈ શામજી ભાઈ મોથલીયા પરિવાર સાથે ગાંધીનગરના વાવોલ ગામની સોસાયટીમાં રહેતા હતા. કાનજીભાઈને બે દિકરાઓ છે જેમાં એક ખાનગી કંપનીમાં અને એક પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે. જયારે તેમના મૃત્યુને પગલે પરિવારમાં પણ શોકનો માહોલ છવાયો હતો.

### માજી સૈનિકોના આંદોલન સ્થળ અને શહેર પોલીસ છાવણીમાં ફેરવાયું

ચિલોડા પાસે આર્મી કેમ્પ ખાતે સવારથી મોટીસંખ્યામાં માજી સૈનિકો આવી પહોંચ્યા હતા. માજી સૈનિકોના ધસારાને જોઈ તંત્ર દ્વારા માર્ગ પણ એક તરફનો બંધ કરી દેવામાં આવ્યો હતો.જયારે માજી સૈનિકો પડતર માંગણીઓ મુદ્દે વિધાનસભા તરફ કુચ કરવાના હતા. જેથી વિધાનસભા-સચિવાલય અને શહેરના તમામ પ્રવેશદ્વાર પર પોલીસ તંત્ર દ્વારા લોખંડી પહેરો ગોઠવી દેવાયો હતો.

### માજી સૈનિકોની ૧૪ મુદ્દાની લડત

- શહીદ પરિવારને રૂ.૧ કરોડની સહાય તેમજ પરિવારમાં એક સભ્યને સરકારી નોકરી
- શહેરમાં રાજય લેવલનું શહીદ સ્મારક તેમ સૈનિકો માટે આરામગૃહ
- સૈનિકો માટે રાજય સરકાર તરફતી નોકરી માટેની અનામત
- ખેતી માટે જમીન તેમજ રહેણાંક પ્લોટ
- દારૂ માટેની પરમીટ ભારતી સેના માટે આપેલ પરમીટ માન્ય ગણવી
- કોન્ટ્રાકટ પધ્ધતિ નાબુદ કરી, સીધી ભરતી કરવામાં આવે
- હથિયારનું લાયસન્સ રીન્યુ કરવા અલગ વ્યવસ્થા
- માજી સૈનિકોના પરિવારની સમસ્યા માટે કચેરીઓમાં અલગથી વ્યવસ્થા કરી ઝડપી ઉકેલ લાવવામાં આવે,
- માજી સૈનિકના નોકરીના કિસ્સામાં સેનામાં કરેલી નોકરીનો ગાળો સળંગ કરવામાં આવે
- માજી સૈનિકો માટે પાંચ વર્ષ ફિકસ પગારની પધ્ધતિ નાબુદ કરવામાં આવે
- પોતાના વતનમાં નોકરી આપવામાં આવે
- સૈનિકોના બાળકોના ખર્ચ રાજય સરકાર ઉઠાવે
- સૈનિકો માટે લેવાતો વ્યવસાય વેરો માફ કરવામાં આવે

**PUBLIC NOTICE**

Advocate - R. B. Pagare

BEFORE THE COURT OF MEMBER MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, THANE AT THANE

M.A.C.P. NO. 51/2021
EXH. NO. U1

Mr. Swapnil Prakash Shinde — Applicant

V/s.

Mr. Asgarkhan Yusufkhan Pathan — Opponent

To,

**Mr. Asgarkhan Yusufkhan Pathan,
Payal Park, Village-Vareli,
Taluka Palsana, District Surat,
Gujrat 395001.**

Whereas the above named applicant has filed Accident Claims Application for the compensation of Rs. 1,00,000 /- in the Tribunal against you and others.

You are hereby given notice to appear in the Tribunal in person or by pleader duly instructed and to file your say within 30 days from the publication of this notice. Failing which the said application will be heard in your absence and determined ex-parte.

Given under my hand and seal on this 08" day of September, 2022.

Sd/-
Clerk
M.A.C.T. THANE

By Order
Sd/-
Superintendent
Motor Accident Claims Tribunal
Thane

### સિવિલ ખાતે કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ આવી પહોચ્યા

માજી સૈનિકના મૃત્યુના સમાચારને પગલે ગાંધીનગર સિવિલ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, ગાંધીનગરના ધારાસભ્ય ડો.સી.જે.ચાવડા, ધારાસભ્ય શૈલેષ પરમાર, કોંગ્રેસ અગ્રણી નિશિત વ્યાસ, જશુભાઈ પટેલ, વિરજી ઠુમર ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરવિંદસિંહ સહિતના નેતાઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com